મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૭ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૮ ટકા
ગાંધીનગર તાપમાન

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કૉલેજમાં વાર્ષિક મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫
સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ ખાતે "સરગમ-મેલોડી ઓફ સમર્પણ" થીમ પર વાર્ષિક મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ શૈક્ષણિક અને સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ સિદ્ધિ હાસલ કરેલ તેવા વિદ્યાર્થીઓને મેડલ અને સર્ટિફિકેટથી બિરદાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોને રજૂ કરી સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે ડો. સુભાષ બ્રહ્મભટ્ટ, એકસ પ્રોવોસ્ટ, શ્રેયાર્થ યુનિવર્સિટી, અમદાવાદ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી કાર્યક્રમની શોભા વધારી હતી. આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, રજીસ્ટ્રાર એમ. ડી. પાંડે,તથા પ્રિન્સિપાલ ડો. રાજી ડેનિસ કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન કરવા બદલ અભિનંદન આપ્યા હતા. તમામ સ્ટાફ મિત્રોએ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ મહેનત કરી હતી.

જન્મદિને વધામણી

રોનક આર પંડ્યા
સ્નેક લવર
મો. ૯૦૩૩૬ ૧૭૧૩૩

ધ્વનિ ભરતભાઈ બાબરીયા
મો. ૯૯૯૮૮ ૪૭૦૨૭

સતીષ પટેલ
રાધે રાધે ગ્રૂપ

અંજલીબેન ભટ્ટ

થિયા ભૌમિક બિશ્વાસ
મો. ૭૮૭૮૨ ૭૭૮૭૨

કૌશલ સાધુ
સ્નેક લવર કલબ
મો. ૯૯૯૮૦ ૭૭૭૦૧



યશ રાજેશભાઈ વાગડીયા
મો. ૮૪૬૦૩ ૪૦૫૭૮

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫
"શંકર સિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ" દ્વારા B.Sc નર્સિંગ અને ANM નર્સિંગના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામ માં મુખ્ય મેહમાન તરીકે કેમ્પસ ડિરેક્ટર રવિકુમાર સર, બી.એ.સી. નર્સિંગ કૉલેજના પ્રિન્સીપાલ શ્રીમતી ભૂમિપંડ્યા મેમ તથા એ.એન.એમ નર્સિંગના પ્રિન્સિપાલ શ્રીમતી જ્યોત્સના પંડ્યા મેડમ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રોગ્રામમાં કેમ્પસ ડિરેક્ટર રવિકુમાર સર એ નર્સિંગ ના પ્રથમ વર્ષ માં એડમિશન લેનાર વિદ્યાર્થીઓ તેમજ વાલી મિત્રોનું હાર્દિક સ્વાગત કર્યું હતું . તેમને તેમની સ્પીચ માં સંસ્થામાં નવા આવનાર વિદ્યાર્થીઓ અભ્યાસ ક્ષેત્રે ખુબજ આગળ પ્રગતિ કરી સંસ્થા અને માતા પિતાનું નામ રોશન કરે એવી શુભેછા પાઠવી હતી ત્યાર બાદ બી.એ.સી. નર્સિંગ કૉલેજના પ્રિન્સીપાલ શ્રીમતી ભૂમિપંડ્યા મેમ તથા એ.એન.એમ નર્સિંગના પ્રિન્સિપાલ શ્રીમતી જ્યોત્સના પંડ્યા મેડમ એ તેમની સ્પીચ માં તમામ વાલી ગણ નું હાર્દિક સ્વાગત કર્યું અને નવા વિધ્યાર્થીઓ ને આવકાર્યા.આ પ્રોગ્રામ નું સફળ સંચાલન કૉલેજના પ્રિન્સિપાલ શ્રી તેમજ તેમના સ્ટાફમિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

એસ.વી. સ્કૂલમાં ઈંગ્લિશ રેસિટેશન યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫
શહેરની પ્રતિષ્ઠિત સંસ્થા સર્વ વિધાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં ઈંગ્લિશ રેસિટેશન પ્રવૃત્તિ યોજાઈ ગઈ, જેમાં નર્સરી, જૂનિયર કે. જી. અને સીનિયર કે. જી.ના બાળકોએ ઈંગ્લિશ ભાષામાં વિવિધ કવિતાઓ એક્શન સાથે રજૂ કરી હતી. બાળકો પોતાની સાથે કવિતાને સંબંધિત વિવિધ વસ્તુઓ જેવીકે છત્રી, વિમાન, ટેડી બેર, ટ્રાફિક સિગ્નલ, બાર્બી ડોલ, સ્કૂલ બસ વગેરે લાવ્યા હતા. બાળકોમાં ઈંગ્લિશ ભાષા પ્રત્યે રુચિ વધે, તેઓ આ ભાષા ઉપર પ્રભુત્વ મેળવે તેમજ તેમનો સ્ટેજ ફિયર દૂર થાય, તે હેતુથી સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો.

પ્રતિભા એકેડેમી દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના સહયોગથી આર્ચરી શિબિરનો પ્રારંભ થયો

ગાંધીનગર, તા. ૨૫
પ્રતિભા એકેડેમી દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના સહયોગથી પ્રથમવાર આર્ચરી ની તાલીમ માટે શિબિર નું આયોજન કરવામાં આવ્યું છે. ૨૪ મી ફેબ્રુઆરી થી સરકારી પ્રાથમિક શાળા સેક્ટર ૮ ના મેદાનમાં શરૂ થયેલ આ શિબિરમાં ગાંધીનગરના ૫૦ વિદ્યાર્થી ભાઈ બહેનો ભાગ લઈ રહ્યા છે. પ્રતિભા એકેડેમી ના ફાઉન્ડર શ્રી ગૌરાંગ રાણા ના માર્ગદર્શન હેઠળ કોચ અનેરી પટેલ દ્વારા આ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી રહી છે.

સરગાસણ ખાતે ચિત્ર સ્પર્ધામાં બમ્પર ઈનામો અને લકી ડ્રો કરાશે

ગાંધીનગર, તા. ૨૫
હોળી પર્વના ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા અને યુરોકિડ્સ પ્રી સ્કૂલ-સરગાસણ નાં સહયોગથી સરગાસણ ખાતે આગામી તા. ૫મી માર્ચ, રવિવારના દિવસે બપોરે ૩:૩૦ કલાકે ચિત્ર સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તો સ્પર્ધકોએ " રંગીન કૃતિ " વિષય પર પોતાની કૃતિ તૈયાર કરવાની રહેશે. સ્પર્ધામાં ૪ થી ૧૬ વર્ષ સુધીના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં ફોર્મ ભરીને રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તા. ૨૮/૦૨/૨૦૨૩ રાખવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ફુલ રેકેટ, ટેબલ ટેનિસ રેકેટ, દોરડા કૂદ, હુલાહુપ અને ફન ગેમ જેવા અનેક બમ્પર ઈનામો રાખવામાં આવેલ છે, જે લકી ડ્રો વિજેતાઓને આપવામાં આવશે. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર વિજેતાઓને ઈનામ આપીને ગૌરવ સાથે સન્માનિત કરવામાં આવશે તથા ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સર્ટિફિકેટથી પ્રોત્સાહિત કરવામાં આવશે અને સરપ્રાઈઝ ગિફ્ટ પણ દરેક બાળકોને આપવામાં આવશે તો મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી ભાગ લેવા માટે ઈચ્છુક બાળકોએ પોતાનું નામ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭, ૯૧-૭૪૦૫૨૬૭૭૨૭૫૨ તથા પ્લોટ નં. ૧૬૧, સહકાર કોલોની, સેક્ટર-૨૫ સરનામે ફોર્મ ભરીને રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ સંસ્થા દ્વારા જણાવવામાં આવેલ છે.

શ્રી સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળ દ્વારા વિશ્વકર્મા જયંતિ ઉજવાઈ



ગાંધીનગર,તા. ૨૫
શ્રી સૌરાષ્ટ્ર લુહાર સુથાર મંડળ, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ મહા સુદ તેરસના પાવન પર્વે આઈ શ્રી ખોડિયાર ધામ , વાવોલ-ગાંધીનગર ખાતે "વિશ્વકર્મા જયંતી" ના શુભપ્રસંગે વિશ્વકર્મા મહાપ્રભુની પૂજા - કથાનું આયોજન કરવામાં આવેલ હતું. તથા આ શુભ પ્રસંગે ગાંધીનગરમાં રહેતા તમામ જ્ઞાતિજનોની કૌટુંબિક માહિતીને આવરી લેતી નવી તૈયાર કરવામાં આવેલ વર્ષ ૨૦૨૩ની ડીરેકટરીના વિતરણ કરવાના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ હતું. આ મંગળ પ્રસંગે જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ઉલ્લાસભેર તથા ભાવપૂર્વક આ શુભ પ્રસંગની ઉજવણી કરેલ હતી. તથા કાર્યક્રમના અંતે સૌએ મહાપ્રસાદનો લાભ લીધેલ હતો.

શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિનું ટીચર આઈકોન એવોર્ડથી સન્માન

ગાંધીનગર, તા. ૨૫
અખિલ ભારતીય શૈક્ષણિક પરામર્શ અને શિક્ષક સન્માન સમારોહ- ૨૦૨૩ તા. ૧૯ ફેબ્રુઆરી ના રોજ નગર નિગમ રુડકી - હરિદ્વાર (ઉત્તરાખંડ) ખાતે યોજાયો.જેમાં ગાંધીનગર જિલ્લાની શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિ એ શાળા કક્ષાએ કરેલ વિવિધ નવતર પ્રયોગો તેમજ શાળાકીય વિકાસ ને ધ્યાને લઈ "ટીચર આઈકોન એવોર્ડ – ૨૦૨૩" એનાયત કરવામાં આવ્યો. આ એવોર્ડ અને સમાજીક પ્રવૃતિઓ કરવા બદલ સન્માન ના સાચા હકદાર એવા મારાં નાના ભૂલકાઓ તેમજ શાળા પરિવાર અને કર્મભૂમિ શાહપુરને અર્પણ કરતાં અનહદ આનંદ અનુભવું છું.

આશાપુરા લેબર એન્ડ સિક્યોરિટી સર્વિસ પ્રો.મનહરસિંહ અને તેમના પરિવાર દ્વારા વિકલાંગ બાળકોના મનોરંજન માટે ઉવારસદ ખાતે આવેલા સદવિચાર પરિવારમાં અભ્યાસ કરતા તમામ વિકલાંગ બાળકોને સર્કસ બતાવવામાં આવ્યું હતું તે સાથે બાળકોએ પોપકોર્ન અને આઈસક્રીમની મજામાણી હતી અને સૌ બાળકો તથા સદવિચાર પરિવાર દ્વારા મનહરસિંહ અને તેમના પરિવારનો આભાર માનવામાં આવ્યો હતો.

સરકારી વિનયન કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિધાનસભાની મુલાકાત યોજાઈ

ગાંધીનગર, તા. ૨૫
સરકારી વિનયન કોલેજ, ગાંધીનગરના ઈતિહાસ વિભાગ દ્વારા કોલેજના બી.એ. અને એમ.એ.ના મળી કુલ -૨૧ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક હેતુસર વિધાનસભા ભવનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનું આયોજન ઈતિહાસ વિભાગના ડૉ.નરેન્દ્ર પરમાર અને ડો. તસનીમ શેખે કરેલ. આ પ્રસંગે વિધાનસભા ભવનના એસ.ઓ. જીતેન્દ્ર પ્રજાપતિએ વિધાનસભા ગૃહની કાર્યવાહી અને વિધાનસભાની વિવિધ સમિતીઓ વિશે વિદ્યાર્થીઓને માહીતગાર કર્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓ એ બજેટ સત્રની કામગીરી પણ નિહાળી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ઠાકોર મંગાજી બબાજી, ૭૫, હાલીસા, દહેગામ
- સ્વ. વાઘરી લીલાબેન વિનુભાઈ, ૪૪, માણસા
- સ્વ. વાઘેલા મોહનલાલ છગનલાલ, ૮૧, ગાંધીનગર
- સ્વ. સતનામી ઉતરીબાઈ સુરેશકુમાર,૩૬, પેથાપુર
- સ્વ. પટેલ સવિતાબેન ચતુરભાઈ, ૮૪, ગાંધીનગર
- સ્વ. પંડ્યા કાન્તિભાઈ શિવશંકર, ૯૨, ગાંધીનગર
- સ્વ. સાઠી રમેશભાઈ સેનબહાદુર, ૨૭, ભાટ
- સ્વ. ઠાકોર મહેશભાઈ રમેશભાઈ, ૨૦, ભાટ
- સ્વ. ખિસડીયા ચંદ્રિકાબેન વાસુદેવભાઈ, ૬૭, ગાંધીનગર